## જન્મદિને વધામણી



ફાધર શઈજી
કેથલિક ચર્ચ, ગાંધીનગર
મો. ૯૪૨૭૫ ૪૪૮૦૪



બી બી સિંહ



ઝિમિત સુખડિયા
મો. ૮૩૪૭૫ ૯૯૦૫૧



કાવ્ય એન ખખ્ખર



નીવકુમાર ત્રિભોવભાઈ પટેલ

*જન્મદિને વધામણી વિભાગ અંતર્ગત કોઈપણ વાચક પોતાની તસવીરો પ્રકાશન માટે મોકલી શકે છે. પરંતુ, વાચકોને વિનંતી છે કે મોડામાં મોડી આ તસવીરો જન્મદિવસ હોય તેના અગાઉના દિવસે એક વાગ્યા સુધીમાં અખબારને મળી જાય. વાચકો ઈચ્છે તો આ વિભાગમાં પ્રકાશન હેતુ પોતાની તસવીરો અગાઉથી પણ મોકલાવી શકે છે.*
- સંપાદક

# મારી સફળતાનું શ્રેય મારા પરિવારને

ગાંધીનગર, તા. ૧૧

'મારી સફળતાનું સઘળું શ્રેય હું મારા પરિવારને આપુ છું ને બાય ધ વે, આ મારી પહેલી સફળતા છે, છેલ્લી નહીં.'

આ શબ્દો છે યુપીએસસીની પરીક્ષામાં ઉત્તીર્ણ થનારી ગાંધીનગરની દીકરી કોલમ પટેલના. ઈજનેરી ક્ષેત્રે કાર્યરત ૨૨ વર્ષીય યુવતી કોમલ પટેલે યુપીએસસી પરીક્ષામાં ૩૩૫મા ક્રમે સફળતા હાંસલ કરી એનાથી તેની આઈએફએસ (ફોરેન સર્વિસ)માં જવાની ઈચ્છા પૂરી ન થઈ, તેને હવે આઈઆરએસ કે આઈટીની ચૉઈસ મળશે, પરંતુ એનાથી કોમલ હિંમત હારી નથી, એ ફરી યુપીએસસી પરીક્ષામાં ભાગ લેવાની છે ને એટલે જ એ કહે છે કે આ મારી છેલ્લી સફળતા નથી.

પોતાની સફળતાનું શ્રેય પોતાના પરિવારને આપતાં કોમલ જણાવે છે કે 'માત્ર મારી મહેચ્છા પૂર્ણ કરવા માટે મારો સમગ્ર પરિવાર ગાંધીનગર છોડીને ૧૧ મહિના જેટલો સમય દિલ્હીમાં રહ્યો. એ કારણે જ હું આ સફળતા મેળવી શકી છું.' કોમલના પિતા કિરણભાઈ પટેલ પોલીટેકનીકમાં લૅક્ચરર હતા,



જે હવે વેપારી છે ને ગિયરબૉક્સની ડીલરસીપ ગાંધીનગરમાં ધરાવે છે. પરિવારમાં એક દીકરો ને દીકરી છે. તેઓ સૅક્ટર-૩૦ના ચ ટાઈપમાં અને સૅક્ટર-૨૯ના ઘ ટાઈપમાં નિવાસ કરી ચૂક્યા છે. હાલ સૅક્ટર-૧૨માં તેમનો નિવાસ છે.

કોમલે ધોરણ-૧થી ૧૦ સુધીનો અભ્યાસ ગુરુકુલમાં કર્યો ને એ પછી હિલવૂડમાં જોડાઈ. ધોરણ-૧૨ની સીબીએસસીની પરીક્ષામાં એ શહેરમાં પ્રથમ ક્રમે ઉત્તીર્ણ થઈ હતી. એ પછી તે ધીરુભાઈ અંબાણી ઈન્સ્ટીટ્યુટ ઑફ ઈન્ફર્મેશન ઍન્ડ કમ્પ્યુટર ટેકનોલૉજી, ગાંધીનગરમાં જોડાઈ અને બીટૅકનો અભ્યાસ કર્યો. આઈએફએસની મહેચ્છા હતી જ પરંતુ એ માટે જરૂરી મૅથેમેટિક્સની જરૂરિયાત મુજબની તાલીમ અહીં ઉપલબ્ધ ન હોવાથી દિલ્હી જવાનો નિર્ણય કર્યો. એ નિર્ણયમાં પરિવાર પણ જોડાયો ને કોમલ પરિવાર સમેત દિલ્હીમાં જઈને રહી. ઈન્સ્ટીટ્યુટ ઑફ મૅથેમૅટિકલ સાયન્સમાં તેણે અભ્યાસ કર્યો ને પ્રથમ પ્રયાસે જ યુપીએસસીમાં સફળ થઈ. એટલું જ નહીં, પરંતુ સૌથી નાની વયે આ પરીક્ષા પાસ કરનાર યુવતિ તરીકે નામ પણ રોશન કર્યું.

સ્પોર્ટ્સમાં ટ્રીપલ જમ્પ એ કોમલનો રસનો વિષય હતો ને તે ઑલિમ્પિયાર્ડમાં પ્રથમ ક્રમે વિજેતા બની હતી. આ ઉપરાંત કૂકીંગ અને કૉમ્પ્યુટર પણ તેના રસના વિષયો છે. અભ્યાસમાં તેજસ્વી એવી પોતાની દીકરી ઉપર પ્રમુખસ્વામી મહારાજના આશીર્વાદ છે એમ જણાવતાં કોમલના પિતા સગર્વ ઉમેરે છે કે કોમલને ડૉક્ટર સ્વામી, આનંદ સ્વામીના આશીર્વાદ પણ પ્રાપ્ત થયા છે ને એ વધુ ને વધુ સફળતા પ્રાપ્ત કરે એવી શુભકામનાઓ તો શહેરના અજાણ્યા લોકોએ પણ પાઠવી છે. કોમલ પુનઃ આ પરીક્ષામાં સફળતા મેળવી પોતાનો લક્ષ્યાંક પ્રાપ્ત કરશે એવી આશા તેમણે વ્યક્ત કરી છે.

## મનોરંજન

**સિટી પલ્સ**

**સ્ક્રીન-૨**
૧૯૨૦ લંડન
૧૨.૩૦, ૫.૧૫, ૭.૪૫
વન નાઈટ સ્ટેન્ડ (એ)
૩.૦૦, ૧૦.૧૫

**સ્ક્રીન-૩**
કૅપ્ટન અમેરિકા (૩ડી હિન્દી)
૧૦.૦૦, ૪.૦૦, ૧૦.૦૦
કૅપ્ટન અમેરિકા (૩ડી અંગ્રેજી)
૧૦.૦૦, ૭.૦૦

**સ્ક્રીન-૪**
બાગી
૧૨.૪૫, ૩.૪૫,
૬.૪૫, ૯.૪૫

**સ્ક્રીન-૫**
ટ્રાફિક
૫.૧૫
વન નાઈટ સ્ટેન્ડ (એ)
૧૦.૦૦, ૧૨.૪૫, ૭.૩૦
૧૯૨૦ લંડન
૨.૪૫, ૧૦.૦૦

# 'નીટ'ની તૈયારી માટે વિદ્યાર્થીઓ પાસે માત્ર બે માસ

ગાંધીનગર, તા. ૧૧

મેડિકલમાં પ્રવેશ માટે સુપ્રીમ કોર્ટે રાજયને પોતાના ટેસ્ટ લેવા મનાઈ ફરમાવતાં હવે નીટની પરીક્ષા વિદ્યાર્થીઓએ આપવી પડશે એ નિશ્ચિત છે ને વિદ્યાર્થીઓ તથા વાલીઓને ચિંતા એ વાતની છે કે અંગ્રેજીમાં આપવાની થતી આ પરીક્ષા માટે માત્ર બે મહિના જેટલો જ સમય વિદ્યાર્થીઓને મળી શકશે.

અગાઉ નીટ સ્થાનિક ભાષામાં લેવામાં આવે તેવી વિદ્યાર્થીઓ અને ગુજરાત સરકાર દ્વારા રજૂ કરાયેલી માંગણીને પણ સુપ્રીમ કોર્ટ દ્વારા ધ્યાને લેવામાં આવી નથી. જેના કારણે હવે વિદ્યાર્થીઓએ આગામી બે માસમાં નછૂટકે અંગ્રેજીમાં નીટ આપવાની તૈયારી કરવી પડશે. જોકે, જે વિદ્યાર્થીઓએ નીટ-૧ આપી છે તેમને નીટ-૨ આપવાની તક આપવામાં આપવામાં આવી છે. ગુજરાત સરકાર અને નાગરિકોએ ચાલુ વર્ષે નીટનો સંપૂર્ણ વિરોધ કરીને ભવિષ્યમાં જયારે નીટ લાગુ થાય ત્યારે સ્થાનિક ભાષામાં વિદ્યાર્થીઓ પરીક્ષા આપી શકે તેવી વ્યવસ્થા ગોઠવવા માંગણી કરી હતી. જોકે સુપ્રીમ કોર્ટ દ્વારા ગઈકાલે અપાયેલા ચુકાદામાં કોઈપણ માંગણી કે રજૂઆતને ધ્યાનમાં લેવામાં આવી નથી. આગામી તા. ૨૪મી જુલાઈએ નીટ લેવામાં આવશે અને વિદ્યાર્થીઓએ તે ફરજિયાત આપવાની રહેશે.

આ પ્રકારના ચુકાદાના કારણે હવે ગુજરાતના મેડિકલ-ડેન્ટલમાં પ્રવેશ ઈચ્છતાં વિદ્યાર્થીઓએ માત્ર બે મહિનામાં અંગ્રેજીમાં નીટની તૈયારી કરવી પડશે. નીટ માટેના સીલેબસમાં પણ કોઈ ફેરફાર કરવામાં આવ્યો નથી. જેના લીધે સૌથી વધુ મુશ્કેલી ગુજરાતના વિદ્યાર્થીઓએ ભોગવવી પડેશે. સેન્ટ્રલ બોર્ડના કોર્સ પ્રમાણે અંગ્રેજી ભાષામાં પરીક્ષા આપવી પડશે.

ઉલ્લેખનીય છે કે ગુજરાતમાં અંગ્રેજી માધ્યમ અને સેન્ટ્રલ બોર્ડના સીલેબસના આધારે લેવાતી નીટ સામે જોરદાર વિરોધ ઉભો થયો હતો. આ વિરોધના પગલે સરકારે પણ સુપ્રીમમાં એફિડેવિટ ફાઈલ કરી હતી. પરંતુ સુપ્રિમ કૉર્ટના ચુકાદા બાદ હવે વિદ્યાર્થીઓ પાસે તૈયારી કરવા સિવાય કોઈ વિકલ્પ રહ્યો નથી. અનેક વિદ્યાર્થીઓઓએ પહેલા ગુજકેટ અને ત્યારબાદ નીટ એમ, બન્ને પરીક્ષાઓ આપવી પડશે. ગુજકેટને જ લક્ષ્યમાં રાખીને તૈયારીઓ કરનારા વિદ્યાર્થીઓને વધારે મહેનત કરવાની નોબત આવી છે.

# ઈડીઆઈ દ્વારા આયોજિત સમર કૅમ્પ સંપન્ન થયો

ગાંધીનગર, તા. ૧૧

૧૨થી ૧૬ વર્ષના બાળકોમાં ઉદ્યોગસાહસિકતાના ગુણો વિકસે અને તેમનામાં નેતૃત્વ અને નિર્ણય શક્તિની ક્ષમતા ખીલે તે માટે વર્ષ ૧૯૯૪થી આન્ત્રપ્રિન્યોરશીપ ડેવલપમેન્ટ ઈન્સ્ટિટ્યુટ ઓફ ઈન્ડિયા ખાતે બાળકો માટે સમર કેમ્પનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે ૧થી ૬મે દરમિયાન યોજાયેલા બાળકો માટેના સમર કેમ્પમાં છ રાજયના કુલ ૯૩ બાળકોએ ભાગ લીધો હતો. ૨૨ જુદા જુદા શહેરોના ૬૩ છોકરાઓ અને ૩૦ છોકરીઓએ ગોલ સેટિંગ અને ટીમ બિલ્ડિંગના પાઠ શીખ્યા હતા.

અત્યાર સુધી વાલીઓ પોતાના બાળકોને માત્ર ડોક્ટર, સી.એ. કે એન્જિનિયર જ બનાવવા માંગતા હતા. પરંતુ એ ખરેખર ખુશીની વાત છે કે હવે માતા-પિતા પોતાના સંતાનને ઉદ્યોગસાહસિક પણ બનાવવા માંગે છે.

ઈડીઆઈના પ્રમુખ તથા આઈડીબીઆઈ બેન્કના એમડી તથા સીઈઓ શ્રી કિશોર ખરાતે સમર કેમ્પની પૂર્ણાહુતિ પ્રસંગે તેનો ભાગ બનેલા વિદ્યાર્થીઓને સંબોધન કરીને બાળકો તથા વાલીઓનો ઉત્સાહ વધાર્યો હતો.

સમર કેમ્પના છેલ્લા દિવસે પાર્ટિસિપન્ટ્સને સર્ટિફિકેટ આપવાના પ્રસંગે ઈડીઆઈના પ્રમુખ તથા આઈડીબીઆઈ બેન્કના એમ.ડી તથા સીઈઓ શ્રી કિશોર ખરાત મુખ્ય અતિથિ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. તેમણે કહ્યું કે, નોકરીની સરખામણીએ ધંધામાં વધુ જોખમ રહેલું છે. હું એ તમામ વાલીઓને અભિનંદન પાઠવું છું કે જે પોતાના સંતાનને માત્ર ડોક્ટર, સીએ કે એન્જિનિયર જ નહિ પરંતુ આન્ત્રપ્રિન્યોર બનાવવા માંગે છે. ઉદ્યોગ સાહસિકતા ક્ષેત્રે રહેલી કારકિર્દીની વિપુલ તકો અંગે વાત કરતા તેમણે જણાવ્યું હતું કે વિશ્વભરમાં ભારતમાં બિઝનેસની સફળતાનો દર સૌથી ઊંચો છે. જો નીતિમત્તાનું પાલન ન થાય તો બિઝનેસ ખીલતો નથી.



સફળ ગુજરાતી નાટક 'શેતલને કાંઠે'નો સફળ પ્રયોગ મુંબઈ ખાતે કરવામાં આવ્યો હતો, જેમાં ગાંધીનગરનાં જાણીતા કલાકાર વિભાબેન ઠક્કરે અસરકારક ભૂમિકા અદા કરી હતી.

# જાણીતા દિગ્દર્શક નિમેષ દેસાઈ દ્વારા ગુજરાતી ફિલ્મ 'કુખ'ની જાહેરાત

ગાંધીનગર, તા. ૧૧

જાણીતા દિગ્દર્શકનિમેષ દેસાઈ દ્વારા આજે શહેરની વાયએમસીએ ક્લબ ખાતે આયોજિત પત્રકાર પરિષદમાં તેમની નવી ફિલ્મ 'કુખ'ની જાહેરાત કરાઈ હતી. આ ફિલ્મની વાર્તા ગુજરાતી ટેલી-ફિલ્મો, સિરિયલો તથા નાટકોના લેખન કાર્ય સાથે સંકળાયેલા લલિત લાડે લખી છે. આ ફિલ્મની પટકથા અને સંવાદ તુલસી વકીલે લખ્યાં છે. તેઓએ અગાઉ એકતા કપૂર સાથે બાલાજી ટેલીફિલ્મ્સમાં ક્રિએટિવ હેડ તરીકે કામ કરેલું છે. ફિલ્મના મોટાભાગના હિસ્સાનું શુટિંગ અમદાવાદ, આણંદ તથા રાજસ્થાનમાં રણ પ્રદેશો અને વિવિધ પર્યટન સ્થળો ઉપર કરવામાં આવશે.



નિમેષ દેસાઈએ જણાવ્યું હતું કે, કુખ ફિલ્મમાં સમગ્ર પરિવાર અને ખાસ કરીને બહેનોના ઓડિયન્સને વધુ રસ પડશે પછી એ બહેન શહેરની હોય કે પછી ગામડાની. માતા-પિતા અને તેમની દીકરીની આસપાસ ફરતી ફિલ્મની વાર્તાના વિવિધ પાસાઓનું ફિલ્માંકન ખુબજ ઝીણવટથી કરવામાં આવશે તથા પાત્રોની લાગણી અને સંવેદના ચોસપણે તમામ વયજૂથના પ્રેક્ષકોને સ્પર્શી જશે તેવો મને વિશ્વાસ છે.

તેમણે ઉમેર્યું હતું કે, સામાન્ય રીતે પ્રેક્ષકોને શહેરી અને ગ્રામિણ એમ બે વિભાગમાં વહેંચી દેવાય છે તથા તેઓને કોમેડી અથવા અન્ય ચોસ વિષયો આધારિત જ ફિલ્મ ગમતી હોવાનું માની લેવામાં આવે છે, પરંતુ મને ગુજરાતી પ્રેક્ષકો ઉપર પૂર્ણ વિશ્વાસ છે અને તેઓ મારી આગામી ફિલ્મને સારો પ્રતિસાદ ચોક્કસ આપશે.

ફિલ્મના મુખ્ય કલાકારો યોગિતા પટેલ, નરેશ પટેલ, એલ્સા નિલજ, એન્ડ્રેસ ક્રિશ્ચિયન ઈચલેર, રુતુ વાણી અને અન્નપૂર્ણા શુક્લા છે. ખુબજ સારા ખર્ચ સાથે તૈયાર થઈ રહેલી આ ફિલ્મ ગુજરાતભરના મલ્ટીપ્લેક્સિસ અને સિંગલ સ્ક્રીનમાં રિલિઝ કરવામાં આવશે.

ફિલ્મની વાર્તામાં મુખ્ય પાત્ર રૂડી છે, જે એક સ્ત્રી હોવાની સાથે-સાથે પોતાના પરિવારની તકલીફો દૂર થાય તેના માટે તમામ પ્રયાસો કરતી રહે છે. ત્રણ જણના નાના પરિવારમાં નાણાકીયની તકલીફ હોવાના સંજોગોમાં દીકરી મીઠીનું ભવિષ્ય ઉજળું બનાવવા માટે શક્ય તેટલાં તમામ પ્રયાસો કરતી માતા અને દીકરી મીઠી વચ્ચેના સંબંધોને ખુબજ સુંદર રીતે રજૂ કરવામાં આવ્યાં છે. રૂડી તેના જીવનમાં અનેક અઘરી પરિસ્થિતિઓનો સામનો કરે છે, માત્ર તેની દીકરી મીઠીની જીંદગી સરળ અને સરસ બનાવવા માટે.

ફિલ્મની વાર્તામાં ખુબજ નાની અને નાજૂક બાબતોને ધ્યાનમાં રાખતા તથા રોજબરોજની તકલીફો સામે ઝઝૂમતા પતિ-પત્નિના જીવન તથા મૂશ્કેલીઓમાં માર્ગ કાઢવાના તેમના પ્રયાસોનું સુંદર નિરૂપણ કરાયું છે. દિકરીના ઉજ્જવળ ભાવિ માટે સતત ચિંતાતુર આ દંપતિનું સપનું હકીકત બનશે કે નહીં તે માટે ફિલ્મ જોવી રહી. જોકે, ફિલ્મનો આત્મા મા અને દિકરીનો પવિત્ર બંધન છે, જેની આખા વિશ્વમાં કોઈ સરખામણી નથી. ફિલ્મમાં લાગણી અને સંવેદનશીલ દ્રશ્યોને ખુબજ ગંભીરતાપૂર્વક પ્રસ્તુત કરવામાં આવ્યાં છે, જે દર્શકોને ચોક્કસપણે સ્પર્શી જાય છે. આ ફિલ્મ ક્યારેય દર્શકોને હસાવશે તો ક્યારેક રડાવશે.

ઉલ્લેખનીય છે કે મેહૂલ સુરતી દ્વારા આ ફિલ્મનું સંગીત અને પાર્શ્વ સંગીત તૈયાર થઈ રહ્યું છે તથા ચીનુ મોદી અને લલિત લાડે ફિલ્મના ગીતો લખ્યા છે. સાહિત્ય અકાદમી એવોર્ડ પુરસ્કૃત ચીનુ મોદી આપણી ભાષાના ખુબજ જાણીતા કવિ અને નાટ્યકાર છે અને લલિત લાડ ગુજરાત સમાચારની રવિ પૂર્તિમાં વિભાવરી વર્માના ઉપનામથી આશરે ૨૦ જેટલી લઘુ નવલકથાઓ પ્રગટ થઈ છે તેમજ અમદાવાદની નેશનલ ઈન્સ્ટિટ્યુટ ઓફ ડિઝાઈન (એનઆઈડી)માં સ્ક્રિપ્ટ રાઈટીંગ તથા સ્ટોરી ટેલીંગ જેવા વિષયોના પ્રાધ્યાપક પણ રહી ચૂક્યા છે. આ ફિલ્મ આંતરરાષ્ટ્રીય સ્તરની ગુણવત્તા ધરાવતી ફિલ્મની ફોટોગ્રાફી, સાઉન્ડમાં પણ જાળવશે એવી નિર્માતા-દિગ્દર્શકને ખાતરી છે. આ ફિલ્મનું આર્ટ ડાયરેક્શન આરતી પરમારે કર્યું છે અને કોશ્ચ્યુમ ડિઝાઈન દેવ્યાની કનોજીયા અને ગિરા ચોક્સીએ કર્યા છે.

ફિલ્મની સિનેમેટોગ્રાફી એલેક્સ મેકવાને કરશે. કુખ ફિલ્મનની સાઉન્ડ ડિઝાઈન, સાઉન્ડ રેકોર્ડિંગ અને ફિલ્મ એડીટીંગ પ્રશાંત ધુમલે કર્યું છે. તેમણે ગુજરાતી ફિલ્મ છેલ્લો દિવસમાં સાઉન્ડ રેકોર્ડિસ્ટ તથા હિન્દી ફિલ્મ 'કાઈપો છે'માં ઓનલાઈન એડિટર તરીકે કામ કર્યું છે.

# દેશની સિસ્ટમ ફેઈલ્યોર એટલે શું ?




આઝાદી મળ્યા બાદ સાત દાયકા જેવો સમય પસાર થઈ ગયો છે છતાં આપણું લોકતંત્ર કે લોકો સુખ માટે હજી ભ્રમમાં રાચતા હોય, અધૂરપ રહી હોય, ઉદાસિનતા તથા હતાશા હોય તેવી સ્થિતિ પ્રતિદિન વધતી જાય છે. વિદેશી લોકો ભારતને છોડી જતા રહ્યા અને સત્તાના સૂત્રો લોકોના ચૂંટાયેલા પ્રતિનિધિઓના હાથમાં આવ્યાં. લોકો માટે લોકો દ્વારા ચાલતી શાસન વ્યવસ્થા તો ઊભી થઈ અને લોકશાહી આવી પરંતુ સુખનો ખરો અહેસાસ સર્જી શકાયો નહીં ! શાસક પક્ષ ગમે તે આવે પરંતુ સમાજને લાગે છે કે કંઈ જ ફર્ક પડતો નથી અને કુલ હાલત યથાવત જ રહેવા પામી છે. ફિલ ગૂડ જેવું કંઈ હોતું નથી કેમ કે આર્થિક અને સામાજિક વ્યવસ્થાતંત્રમાં જો નક્કર બદલાવ ઊભો થાય નહીં તો બધા જ પ્રવચનો નિરર્થક સાબિત થાય છે. આ હકીકતને સારી સુફિયાણી ભાષામાં સિસ્ટમ ફેઈલ્યોર કહેવામાં આવે છે ! પ્રથમ વાત એ છે કે સિસ્ટમ કઈ, કોણે બનાવી કે ચાલુ રાખી ? અને ફેઈલ્યોર અર્થાત નિષ્ફળતા. એ શા માટે નિષ્ફળ રહી તે માટે મંથન, ચિંતન અને સુધારાત્મક પગલાં કેમ ન લેવાયાં ? આ હકીકત પર પ્રત્યેક વ્યક્તિએ, સત્તાધિશોએ અને સરકારે જરૂર આત્મમંથન કરવું પડે.



દરેક સરકાર દર વર્ષે બજેટ બનાવે, બહાર પાડે, ફંડની ફાળવણી કરે, યોજનાનો ઢાંચો બનાવાય અને વર્ષ પૂરાં થઈ જાય છતાં સ્થિતિમાં પરિવર્તન ભાગ્યે જ થાય, આવું શા માટે ? નકામી યોજનાઓમાં કરોડો રૂપિયા વેડફાતા જણાય તો તેને કેમ બંધ ના કરી શકાય ?? અમલીકરણ - રિવ્યૂ પબ્લિશ કરવામાં શું દિક્કત છે ? લોકોની બચતવૃત્તિ અને બચત શક્તિ મૃતઃપ્રાય થઈ ગઈ છે !

નક્કર રોજગારી સર્જન તદન નગણ્ય કે ન્યૂનતમ છે એટલે ભણેલા યુવાવર્ગ વ્યસનો, ક્રાઈમ, અનીતિના માર્ગે પહોંચી જતા હોય છે. આ એક વિષચક્ર છે જ. સરકારી તંત્રની કાર્યક્ષમતા માત્ર ડિજીટલ પ્રોગ્રેસથી વધી જતી નથી તે માટે માનસિકતા લોકલ વત્તા જૂની પ્રવર્તે છે. માનસિકતા ગ્લોબલ થઈ નથી. ઝડપી માહિતી સંચાર હવે ઉપલબ્ધ છે પરંતુ નિર્ણાયકતા ઝડપી નથી કારણ કે દેશમાં સદાચાર નથી, લોકહિત હૈયે નથી, વાદ-પક્ષપાત અને ખટરાગ, દ્વેષ વધુ જોરદાર બનતા જાય છે. આ બધાને લીધે લોકો પીવાના પાણી માટે વલખાં મારે છે તો કોઈક રાજ્યમાં ભૂખમરો ભયાનક છે. હિંસા, લૂંટ અને અનીતિનાં દુખદ વાદળો છવાયેલાં જોવા મળે છે. ઉમદા હેતુઓ ધરાવતી યોજનાઓના મીઠાં ફળ પ્રજાજીવન સુધી ન પહોંચતા હોય તો તેને સિસ્ટમની નિષ્ફળતાનું નામ આપવું ઉચિત હરગીઝ નથી. વાસ્તવમાં નાણાંકીય કૌભાંડો યુદ્ધ કરતાં વધુ ઘાતક બની જાય છે અને પ્રજા દરેક બાબતમાં રિબાતી રહે છે ! 'અચ્છે દિન આયેંગે'થી વાત શરૂ થઈ પરંતુ આ નીતને સ્વરૂપમાન કરવામાં અનુશાસન, ઐક્ય, સદાચાર, રાષ્ટ્રપ્રેમ, ઈન્સાનિયત જેવા ગુણો અવશ્ય જોઈએ અન્યથા બજેટથી સ્થાપિત હિતો સંપત્તિસર્જન કરતા જ રહેશે અને પ્રજા વેરા-ટૅક્સ ભરતાં-ભરતાં દેવું સંતાનોને વારસામાં દઈ દુનિયામાંથી વિદાય લેતી રહેશે. સંસદને મંદિર ગણતા હોવાની જે વાતો કરે છે તે પૂજારી જેવું જીવન જીવે તો શાંતિ અને સુખ પ્રગટી શકે ! લોકોએ પણ પ્રજા તરીકે ઐક્ય અને ભાવનાથી ભારતમાં લોકશાહીને જીવંત રાખવી પડે એ તેનું કર્તવ્ય પણ છે. સિસ્ટમ સુધારો, કામ ગતિવાન કરાવો, નિર્ણયો ઝડપી તથા યોગ્ય લેવડાવો તો જ સ્થિતિ સુધરે. પ્રજા હવે તો રડી પણ શકતી નથી એ હાલત થઈ ગઈ છે. અંતમાં સુંદર શેર સાથે અસ્તુ : "દર્દની પણ એક અદા હોય છે, એ સહનશક્તિવાળા પર ફિદા હોય છે."

## વાચકોને આમંત્રણ

**'સંવેદના' વિભાગમાં સ્વાનુભવો લખવા**

લેખકો, વાચકોનું પ્રિય અને ગાંધીનગરનું પ્રથમ દૈનિક સમાચારપત્ર 'ગાંધીનગર સમાચાર' ખાસ લખવા માગતા વાચકો માટે સંવેદના વિભાગ શરૂ કરી ચૂક્યું છે અને આ માટે લખવા સૌને આમંત્રણ આપે છે. આ વિભાગ અંતર્ગત દર માસે અલગ-અલગ વિષયો આપવામાં આવશે, જે માટે વાચકોએ લખાણ મોકલવાનું રહેશે. વિભાગ દર સોમવારે પ્રકાશિત કરવામાં આવશે. કોઈપણ વાચક આ લખાણ મોકલી શકે છે, જે તેના નામ સાથે પ્રકાશિત કરાશે. હા, લખાણની લંબાઈ અને એડિટિંગનો અધિકાર અખબાર અબાધિત રાખે છે. વાચકોને વિનંતી છે કે શબ્દોની મર્યાદા ૧૫૦ સુધી રાખવામાં આવે.

મે માસનો વિષય છે :

**'મારા ગુરુ ગૌરવશાળી'**

વાચક ઈચ્છે તો પોતાનો અને પોતાના ગુરુનો ફોટો લખાણ સાથે મોકલાવી શકે છે